વિટકોસ બસ સંચાલનમાં આયોજનનો અભાવ, ચિલોડા, ઘ-રોડને હડહડતો અન્યાય

મુસાફરોની હાલાકી પ્રત્યે બે ફિકર સંચાલકો ધિકતી કમાણીમાં ગળાડૂબ તપાસની માંગણી

ગાંધીનગર, તા. ૭

રાજયના પાટનગરમાં ચાલતી શહેરી બસ સેવા વિટકોસના સંચાલનમાં ખામીઓ હોવાથી બદનામ

થઈ રહી છે. સંચાલકો આ અંગે બે ફિકર હોઈ મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડે છે. ચિલોડા-ઘ રોડ ની એકમાત્ર બસ માર્ગ ઉપર મુકી કામગીરી બતાવવાની સંચાલકોની દાનત પણ આ બસ વારંવાર રદ કરી દેવાતા ખોરી લાગી રહી છે. જેથી આ અંગે ઉચ્ચકક્ષાએથી તપાસ કરી મુસાફરોને ન્યાય મળે તેવી માંગ ઉભી થઈ છે.

ગાંધીનગર શહેરમાં ચાલતી વિટકોસ શહેરી બસ સેવા તેના વહીવટમાં અંધેરથી મુસાફરોને હાલાકી પહોંચાડી રહ્યું છે. પથિકાથી ચિલોડા વાયા ઘ-રોડ ઉપર ફકત એકમાત્ર બસ મુકી આ માર્ગ ઉપરના કુલ-૭ સેકટરના રહીશો સાથે મજાક કરતાં હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. વધુમાં આ એકમાત્ર બસ પણ અચાનક દર કરી દઈ મુસાફરોને રસ્તે રઝળતા કરી દેવાય છે. જેથી સેકટર-૨૩, ૨૪, ૨૫,૨૬, ૨૭, ૨૮ અને ૩૦ના નિયમિત જતાં મુસાફરોમાં ભારોભાર આક્રોશ ફેલાયો છે. તેમજ આ સેકટરોમાંથી ચુંટાયેલા પ્રતિનિધિઓ જાહેર સેવા બાબતે દુર્લક્ષ સેવી રહ્યા હોવાનો બળાપો કાઢી રહ્યા છે.

આ અંગે સંચાલકો પણ મૌન સેવી રહ્યા છે. તેમજ વહીવટી કર્મચારીઓ પણ સંચાલકોની સુચનાને ગણકારતા ન હોવાનું ફલિત થઈ રહ્યું છે. ચિલોડા - ઘ રોડની એકમાત્ર બસને મ્યુનિ. કોર્પોરેશન તેમજ વર્ધી માટે મોકલી દેવાય છે. જ્યારે ચ-રોડ, ચાંદખેડા, પેથાપુર કે અન્ય માર્ગો ઉપરની અનેક બસોમાંથી એકપણ બસ ખસેડાતી નથી. આમ, બેફિક કિ સંચાલકો ધિકતી કમાણીમાં ગળાડૂબ બની મુસાફરોને સેવાના નામે છેતરપીડીં કરતા હોવાનું જણાઈ રહ્યું છે.

આ અંગે શહેરી વિકાસ વિભાગ કલેકટર કચેરી તેમજ મ્યુ. કોર્પોરેશનના પદાધિકારીઓ તથા પ્રતિનિધિઓ યોગ્ય ઉકેલ નહીં લાવે તો આ સબ સેકટરના રહીશો ચુંટણી સમયે જવાબ માંગશે તેવું પ્રજાજનો જણાવી રહ્યા છે.

ગરીબોની આવાસ યોજનાનું જુલાઈમાં લોકાર્પણ કરાશે

ગાંધીનગર, તા.૭

કોલવડા નજીક નિર્માણ પામતી ઝૂંપડાવાસીઓની આવાસ યોજનાનું કામ જૂન સુધીમાં પૂર્ણ કરી દેવાશે. જયારે આગામી જુલાઈમાં આવાસ યોજનાનું લોકાર્પણ કરવામાં આવશે. રૂ. ૪૦ કરોડના ખર્ચે હાથ ધરાયેલ આ કામગીરી અન્વયે ૮૦૦ ગરીબ લાભાર્થીઓને માથે છત આપવાનું આયોજન કરાયું છે.

શહેરના ઝૂંપડાવાસીઓને માથે છત આપવા કોલવડા ગામની સીમમાં પાકા મકાન બનાવી દેવાનું કામ હાલ પ્રગતિ હેઠળ છે. ગત વર્ષની શરૂઆતના તબક્કામાં ઝૂંપડાવાસીઓની આ આવાસ યોજનાનું કામ હાથ ધરાયું હતું. જયારે એક વર્ષના સમયગાળામાં બ્લોક ઉભા કરી દેવાયા છે.

જયારે યોજનાની કામગીરી આગામી જૂન મહિના સુધીમાં પૂર્ણ થઈ જશે. રૂ. ૪૦ કરોડના ખર્ચે ૮૦૦ કવાર્ટર બનાવવાનું કામ, અડધો અડધ પૂર્ણ થઈ ગયું છે ત્યારે આવાસ યોજનાને અનુલક્ષી રસ્તા-લાઈટ સહિતની પાયાની સુવિધાઓ ઉભી કરવા પણ તંત્ર કક્ષાએથી આયોજન કરવામાં આવી રહ્યું છે. તંત્ર કક્ષાએથી તૈયાર કરાયેલી લાભાર્થીઓની યાદી મુજબ આવાસની ફાળવણી કરવામાં આવનાર છે જયારે ગરીબોને માથે છત આપતી આ યોજનાનું કામ પૂર્ણ થયા બાદ આગામી જુલાઈ મહિનામાં લોકાર્પણ વિધિ યોજાય તેવી સંભાવના છે.

ઈન્દ્રોડામાં પંખે નાયલોન દોરી બાંધી પરિણીતાનો ગળાફાંસો

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર નજીકના ઈન્દ્રોડા ગામમાં રહેતી ૩૭ વર્ષીય પરિણીતાએ ગઈકાલે સમી સાંજે પોતાના ઘરે પંખે નાયલોન દોરી બાંધીને ગળેફાંસો ખાઈ લઈ આપઘાત કરી લીધો હતો. પરિણીતાને માનસિક બિમારીની દવાઓ ચાલતી હતી તેનાથી કંટાળીને તેણીએ અંતિમ પગલુ ભર્યું હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે. સે. ૭ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી આપઘાતની તપાસ શરૂ કરી છે.

ઈન્દ્રોડા ગામમાં રહેતા ૩૭ વર્ષીય પરિણીતા હંસાબેન જશુજીને ઘણાં સમયથી માનસિક બિમારી હોવાથી દવાઓ ચાલી રહી હતી. માનસિક બિમારીથી કંટાળી ગયેલી પરિણીતા હંસાબેન ગઈકાલે સાંજના સુમારે ઘરે એકલા હતા ત્યારે પોતાના રૂમમાં જઈને પંખે નાયલોન દોરી બાંધી ગળેફાંસો ખાઈ લીધો હતો. તેણીના પતિને આ અંગે જાણ થતા તાત્કાલિક પોલીસને બોલાવી લીધી હતી. સે. ૭ પોલીસે ઘટનાસ્થળે પહોંચીને પરિણીતાનો મૃતદેહ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપઘાત સંદર્ભે અકસ્માત મોતનો ગુનો દાખલ કરી પી.એસ.આઈ. જી.કે. પરમારે તપાસનો દોર શરૂ કર્યો છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દ્વારા સર્વ રોગ નિદાન કેમ્પ યોજાશે

ગાંધીનગર, તા.૭

જિલ્લા પ્રોગ્રામ ઓફિસર ડૉ. ચિંતન ગોડલીયાએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે તા.૧૦મી ફેબ્રુઆરી ૨૦૧૩ના રોજ સવારે ૯ થી બપોરે ૨ કલાકે સર્વ રોગ નિદાન શિબિર યોજાશે. જેમાં ગાંધીનગરના નિષ્ણાંત તબીબો નિઃશુલ્ક સેવા આપશે.

જનરલ હોસ્પિટલ, ગાંધીનગર દ્વારા યોજાનાર સર્વરોગ નિદાન કેમ્પમાં સર્જન, ફીઝીશીયન, કાન, નાક, ગળાનાં નિષ્ણાંત, આંખના નિષ્ણાંત, હાડકાનાં નિષ્ણાંત, ચામડીનાં નિષ્ણાંત, કસરતનાં નિષ્ણાંત, સ્ત્રી રોગના નિષ્ણાંત તબીબો હાજર રહી નિઃશુલ્ક સેવા આપશે. સ્થળ પર જ ડાયાબીટીશ, બ્લડ પ્રેસર, કેન્સર, પક્ષઘાત, હૃદયરોગની તપાસ કરવામાં આવશે તથા જનરલ હોસ્પિટલ તરફથી દવાઓ વિના મૂલ્યે આપવામાં આવશે.

ઠરાવના અભાવે રાજયપત્રિત ઉચ્ચત્તર પગાર ધોરણની દરખાસ્તો અટવાઈ

ગાંધીનગર, તા. ૭

સરકારી અને પંચાયત સેવા કર્મચારીઓને આંતર જિલ્લા બદલીથી આવેલ હોય તેમણે નોકરીની મુળ તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણનો લાભ આપવો તેવા હાઈકોર્ટના ચુકાદાને ત્રણ વર્ષનો સમય થવાં છતાં રાજપત્રિત અધિકારના પગાર ધોરણ મેળવવા હોય તો વિભાગમાં દરખાસ્તો થતી હોય છે. જે અંગે વિભાગો તરફથી મંજૂરી મળે છે. જેનો ઠરાવ નહિ કરીને હજારો કર્મચારીઓને લાભથી વંચિત કરેલ છે.

જાણવા મળ્યા પ્રમાણે સચિવાલયના તમામ વિભાગોમાં આ ઠરાવ નહિ થવાથી હજારો કર્મચારીઓને લાભ મળેલ નથી. સચિવ કક્ષાની મિટીંગો થયેલ હોવા છતાં ઠરાવ થતો નથી. પરિણામે કેટલાય નિવૃત્ત કર્મચારીઓ લાભવંચિત રહેવા પામ્યા છે. નાણાંવિભાગ તરફથી જરૂરી ઠરાવ કરવાનો થાય છે. સચિવાલયમાં રાજયપત્રિત ઉચ્ચત્તર પગાર ધોરણની માગણી વાળી હજારો ફાઈલો પડતરમાં છે. તો સત્વરે નિકાલ થાય તેમ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

જિલ્લાની દરેક મહિલાઓને પોલીસ નિઃશુલ્ક માર્શલ આર્ટ શિખવશે

સ્ત્રી અત્યાચારના વધેલા ગુનાઓને પગલે સ્વરક્ષણ માટેની પોલીસની ખાસ યોજના અમલી : મહિલા પોલીસ અને તમામ શૈક્ષણિક સંસ્થાઓના પી.ટી. શિક્ષકોને શિબિરમાં સમાવી લઈ વિદ્યાર્થિનીઓને તાલીમ અપાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાની તમામ મહિલાઓ-યુવતિઓને સ્વરક્ષણના પાઠ શિખવવા માટે જિલ્લા પોલીસ દ્વારા નિઃશુલ્ક માર્શલ આર્ટની તાલીમ આપવામાં આવશે. શૈક્ષણિક સંસ્થાઓના પી.ટી. શિક્ષકોને આ તાલીમ પુરી પાડવામાં આવશે અને તેમના મારફતે જિલ્લાની મહિલાઓ તથા કોલેજીયન યુવતીઓ અને શાળાની વિદ્યાર્થિનીઓને સ્વરક્ષણની

તાલીમ પુરી પાડવાનું આયોજન થઈ ગયું છે. સ્ત્રી વિરોધી ગુનાખોરીનું પ્રમાણ વધતા ગાંધીનગર રેન્જ આઈ.જી. નીની સુચનાથી જિલ્લામાં આ પહેલ કરવામાં આવી છે. જેના ભાગરૂપે આજથી મહિલા પોલીસને માર્શલ આર્ટની તાલીમ અંતર્ગત શિબિર શરૂ કરવામાં આવી છે.

ગાંધીનગર રેન્જ આઈ.જી. શમશેરસિંઘની સુચનાથી ગાંધીનગર જિલ્લા પોલીસ વડા શરદ સિંઘલ દ્વારા ઉપરોક્ત પ્રોજેક્ટની પહેલ કરવામાં આવી છે. ટાયકોન્ડો માર્શલ આર્ટના ગુજરાતના જનરલ સેક્રેટરી તેમજ ઈન્ટરનેશનલ રેફરી સુરેશ પરમારની મદદથી આજથી ત્રીદિવસીય માર્શલ આર્ટ તાલીમ શરૂ કરવામાં આવી છે. જે અંતર્ગત આજે તાલીમના પ્રથમ દિવસે જિલ્લાના મહિલા પોલીસ અધિકારી-કર્મચારીઓએ માર્શલ આર્ટથી સ્વરક્ષણની તાલીમ મેળવી હતી. જિલ્લા પોલીસવડાના આયોજન મુજબ ગાંધીનગરની તમામ સ્ત્રીઓને માર્શલ આર્ટ શિખવાડાશે. જેના ભાગરૂપે શહેરની વિવિધ શૈક્ષણિક સંસ્થાઓના પી.ટી. શિક્ષકોનો પણ તાલીમમાં સમાવેશ કરી લેવામાં આવ્યો છે. જે શાળા-કોલેજમાં વિદ્યાર્થીઓને તાલીમ આપી શકશે તે ઉપરાંત જે મહિલાઓ સ્વરક્ષણની તાલીમ લેવા ઈચ્છતા હોય તેમને સેક્ટર-૧૬ મહિલા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવા જિલ્લા પોલીસ વડાએ જણાવ્યું છે.

છઠ્ઠી આર્થિક ગણતરીમાં ગણતરીદારોને સહકાર આપવા અનુરોધ

ગાંધીનગર, તા.૭

રાજય સરકાર દ્વારા દરેક જિલ્લામાં છઠ્ઠી આર્થિક ગણતરીની પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તાજેતરમાં છઠ્ઠી આર્થિક ગણતરીના પત્રકોની માહિતી આપતો કાર્યક્રમ જાન્યુઆરીના અંતિમ અઠવાડિયામાં યોજાયો હતો અને ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયામાં જે તે ગણતરીદારની નિમણુંક કરી જુદા જુદા સ્થળોએ આર્થિક ગણતરી માટે ઉમેદવારોને મોકલવામાં આવ્યા છે ત્યારે નગરજનોને આ ગણતરીદારોને સાચી માહિતી પૂરી પાડવા ખાસ અપીલ કરવામાં આવી છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં જુદા જુદા સેકટરોમાં નિવાસ કરતા કુટુંબોની તથા ધંધો રોજગાર અર્થે દુકાન ચલાવતા વેપારીની છઠ્ઠી આર્થિક ગણતરી માટે ગણતરીદારો જે તે વિસ્તારમાં ફરે છે ત્યારે ક્યારેક કેટલાક નગરજનો ખોટી ભ્રામક માન્યતાથી પ્રેરાઈને ગણતરીદારો સામે રોષ વ્યકત કરે છે. અથવા જરુરી માહિતી પૂરી પાડવામાં આનાકાની કરે છે. આ સ્થિતિ સામે ગણતરીદારો દ્વિધા અને અસંમજસ સ્થિતિ અનુભવે છે. સ્થાનિકજનોને આ રાજય સરકારના પ્રતિનિધિઓને યોગ્ય માહિતી પૂરી પાડવા અને જરુરી સહકાર આપવા મહાનગર પાલિકાએ અનુરોધ કર્યો છે.

THE GREATEST DECORATORS OF THE CITY
॥ अभय ॥ FEEL FREE, BE FEARLESS
AD ABHAY DECORATORS
HIRERS, DECORATORS & EVENT ORGANISERS
ZARIN CATERING Pvt. Ltd.
FOR PROFESSIONAL & EXCELLENT OUTDOOR CATERING
: REGISTERED OFFICE :
B-203, Aman Flat, opp. BJP Office, J.P. Chowk, Khanpur, Ahmedabad
: CORRESPONDENCE OFFICE :
Neminath Electronics, Plot No. E-192, Electronics Estate, B/h. Videocon Factory, Sector-26, Gandhinagar
website : www.abhaydecorators.com, email : abhaydecorators@yahoo.com

સમસ્ત ખડાયતા સમાજનો સન્માન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા. ૭

શ્રી સમસ્ત ખડાયતા સમાજ, ગુજરાત ગાંધીનગરના પ્રમુખ પ્રકાશ એચ. શાહે એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, આગામી તા. ૨૪મી ફેબ્રુઆરીએ સમાજના તેજસ્વી તારલાઓને તથા વડીલ ભાઈ-બહેનોને સન્માનીત કરવાનો અનેરો કાર્યક્રમ યોજવામાં આવશે. આ પ્રસંગે મનોરંજન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવશે.

સમસ્ત ખડાયતા સમાજ, ગુજરાત, ગાંધીનગર દ્વારા તારીખ ૨૪-ફેબ્રુઆરીને રવિવારના રોજ શૈક્ષણિક ઈનામોત્સવના કાર્યક્રમનું આયોજન આંબેડકર હોલ-સેક્ટર-૧૨ ખાતે બપોરે ૨.૩૦ થી ૮.૦૦ કલાક દરમિયાન રાખવામાં આવેલ છે. જેમાં સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓ (કે.જી. થી માસ્ટર ડીગ્રી સુધીના)નુંસન્માન કરી ઈનામ વિતરણ કરવામાં આવશે. આ ઉપરાંત સમાજના ૭૦ વર્ષપુરા કર્યા હોય તેવા વડીલ ભાઈઓ-બહેનોનું પણ સન્માન કરવામાં આવશે. વધુમાં ગત વર્ષ જે કોઈ સમાજની વ્યક્તિઓએ વિશિષ્ટ સિદ્ધિ મેળવી હશે તેમનું પણ બહુમાન કરવામાં આવશે. આ કાર્યક્રમમાં અમદાવાદની સંસ્થા દ્વારા મનોરંજન કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે તો આ પ્રસંગે સમાજના પરિવારોને સમજી સહ હાજરી આપવા અનુરોધ કરવામાં આવે છે.

અનુસૂચિત એકતામંચની મિટીંગ શનિવારે યોજાશે

ગાંધીનગર, તા. ૭

અનુસૂચિત જાતિ એકતા મંચની મૈત્રી મિલન તથા સામાન્ય સભા તા.૯મી ફેબ્રુઆરીએ ડૉ. બાબાસાહેબ આંબેડકર હૉલમાં રાખેલ છે. કન્વીનર સોમ વાઘેલાએ જણાવેલ છે.

ગુજરાત અને મેનીટોબા વચ્ચે પરસ્પર ભાગીદારીના સંબંધોનું વિશાળ ફલક વિકસાવવા સહમતી

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની સૌજન્ય મુલાકાત આજે કેનેડાના મેનીટોબા પ્રોવિન્સના પ્રિમીયર શ્રીયુક્ત ગ્રેગ સેલીન્ગરના નેતૃત્વમાં ગુજરાત આવેલા બિઝનેશ ટ્રેડ મિશને લીધી હતી. ગુજરાત સાથે વિવિધ ક્ષેત્રોમાં સહયોગ અને સહભાગીતાની વ્યાપક સંભાવના અંગે ફળદાયી પરમાર્શ કર્યો હતો.

મેનીટોબા પ્રોવિન્સના આ પ્રિમીયર પહેલીવાર ભારતની મુલાકાતે આવેલા છે અને વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની અપ્રતિમ સફળતાના સંદર્ભમાં મુખ્યમંત્રીને પ્રગતિશીલ નેતૃત્વ માટે તેમણે અભિનંદન આપ્યાં હતા અને ગુજરાત તથા મેનીટોબા પ્રોવિન્સ વચ્ચે પરસ્પર ભાગીદારીના કયાં ક્ષેત્રો છે તેની ચર્ચા કરી હતી.

મેનીટોબા પ્રોવિન્સ રિન્યુએબલ એનર્જી, એગ્રો ફૂડ પ્રોસેસિંગ, પોર્ટ કોસ્ટલ કોરિડોર, એરોસ્પેસ મેન્યુફેક્ચરીંગ, ફૂડ સિકયોરીટી ટેકનોલોજી, એગ્રો એન્જીનીયરીંગ રિસર્ચ જેવા ક્ષેત્રોમાં અગ્રણી છે અને ગુજરાત સાથે ભાગીદારીની ઉજ્જવળ સંભાવના ધરાવે છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીએ ફેબ્રુઆરીના અંતમાં મેનીટોબામાં આયોજિત સ્કીલ સમિટમાં ગુજરાત ભાગ લેશે તેમ જણાવ્યું હતું અને એગ્રો ફૂડ પ્રોસેસિંગ, ફૂડ ટેકનોલોજી ટ્રાન્સફર, ફૂડ પ્રોસેસિંગ ક્ષેત્રમાં સહકારીતા, પોર્ટ એન્ડ કોસ્ટલ ડેવલપમેન્ટમાં ગુજરાત મેરીટાઈમ બોર્ડ સાથે સહયોગ, એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ એજ્યુકેશન ક્ષેત્રમાં ગુજરાત મેટીટાઈમ બોર્ડ સાથે સહયોગ, એગ્રીકલ્ચર એન્જીનીયરીંગ એજ્યુકેશન ક્ષેત્રમાં ગુજરાતની કૃષિ યુનિવર્સિટી સાથે સહયોગ, ડિફેન્સ ઈકવીપમેન્ટ અને એરોસ્પેસ કોમ્પોનન્ટ મેન્યુફેકરીંગ સેક્ટરમાં ભાગીદારી જેવા વિવિધ વિષયોમાં ગુજરાત અને મેનીટોબા પ્રોવિન્સ વચ્ચે પરસ્પર ભાગીદારી વિકસાવવાની સંભાવના માટે ભૂમિકા આપી હતી. શ્રીયુત ગ્રેગ સેલિન્ગરે મેનીટોબા પ્રોવિન્સની સરકાર ગુજરાત જેવા પ્રગતિશીલ રાજય સાથેનાં સંબંધોને સુદ્રઢ બનાવવાની પ્રતિબધ્ધતા ધરાવે છે.

મેનીટોબા પ્રોવિન્સના ડેલિગેશનમાં તેના ચીફ સેક્રેટરી સુશ્રી અન્ના રોથેની, બી.ઝાએલએલએ. અન્ય પદાધિકારીઓ, ભારતમાં મેનીટોબાના કમિશ્નર જગત શાહ, સરકારના ઉદ્યોગ અગ્ર સચિવ એમ. શાહુએ આ બેઠકમાં ભાગ લીધો હતો.

સફાઈ કામદારોના પ્રશ્નના ઉકેલ માટે મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર-અમદાવાદ શહેર સફાઈ કામદાર યુનિયનનાં સફાઈ કામદારોના વણ ઉકેલ્યા પ્રશ્નોની રજૂઆત મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સાહેબને જાણ કરીને ઉકેલ લાવવા જણાવેલ છે.

જેઓના પ્રશ્નો પાર્ટ ટાઈમ કામદારોને કાયમી કરવા સફાઈ કામદારના વારસદારોને નિમણૂંક આપશ્રી લઘુત્તમ વેતનની બાકી રકમ ચુકવવી. મૃત પશુના નિકાલ માટે વ્યવસ્થા કરવી, કોન્ટ્રાક્ટ પધ્ધતિ દૂર કરવી, યુનિયનને ઓફીસ ફાળવવી, સફાઈ કામદારને લાયકાત પ્રમાણે બઢતી આપવી, આવાસની સગવડ આપવી. પ્રમુખ શ્રીમતી ચાવડા શાન્તાબેને રજૂઆત કરેલ છે.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૭.૧૮

સૂર્યાસ્ત : ૬.૨૭

તાપમાન

મહત્તમ : ૨૭.૦ ડિ.સે.

લઘુત્તમ : ૯.૪ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૯ ટકા ● સાંજે ૩૪ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૩ડી) : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ (૨ડી) : ૯.૧૫, ૧૨.૧૫, ૯.૧૫

રેસ- ૨ : ૩.૧૫

વિશ્વરૂપમ : ૬.૧૫

: સ્ક્રીન-૩ :

વિશ્વરૂપમ્ : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૪ :

સ્પેશ્યલ -૨૬ : ૯.૦૦, ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

સૂર્યા, વાવોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

આખા જગથી નિરાલી મારી સાજના : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

સ્પેશ્યલ-૨૬ : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સ્પેશ્યલ -૨૬ : ૧૧.૧૫, ૨.૧૫

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૫.૦૦, ૭.૩૦

વિશ્વરૂપઃ ૧૦.૧૫

: સ્ક્રીન-૩ :

એબીસીડીઃ ઍની બોડી કૅન ડાન્સ : ૧૦.૪૫, ૧૦.૦૦

વિશ્વરૂપમ : ૧.૧૫, ૪.૧૫, ૭.૦૦

ચિરાગ, કલોલ

સ્પેશ્યલ-૨૬ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- 'અરે વહુ હવે બહુ થયુ' નામક નાટક કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા રાત્રે ૯.૩૦ કલાકે.

શૈક્ષણિક

- કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર સંચાલિત ભોળાભાઈ પટલે કોમ્પ્યુટર સ્ટડીઝ દ્વારા નેશનલ ટેકનીકલ ફેસ્ટીલ અને 'ભાષા યજ્ઞ'- ૨૦૧૩નો પ્રારંભ સેક્ટર-૨૩ ખાતે સવારે ૯.૩૦

આપની આજ

મેષ : નવા સંબંધ બનશે. શાંતમને કાર્ય કરવું. સંતાનને રોજગારના ક્ષેત્રે ઉન્નતિ પ્રાપ્ત થઈ શકશે. આવકના નવા સ્ત્રોતો ઉભા થવાની સંભાવના છે. કોઈ ચિંતાથી મુક્તિ મળશે. કૌટુંબિક સમસ્યાઓનું નિરાકરણ આવી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

વૃષભ : યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. ખાનપાનમાં ગડબડીથી પેટની તકલીફો ઉભી થઈ શકે છએ. શારીરિક સ્વાસ્થયનું ધ્યાન રાખવું. ઋતુ પ્રમાણે આહાર લેવો વિશેષ યાત્રાનો યોગ બની રહ્યો છે.

મિથુન : સામાજિક ક્ષેત્રોથી લાભ મળી શકે છે. ગૂઢ કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો યોગ બની રહ્યો છે. સામાજિક ક્ષેત્રોમાં ધાર્મિક કાર્યો વગેરેનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રે લંબિત પ્રકરણોમાં વિશેષ કાર્ય થઈ શકશે.

કર્ક : બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વૃદ્ધિ થશે. શત્રુઓથી હાની થવાની સંભાવના છે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થસે. વ્યાપાર-દૈનિક રોજગારમાં વિશેષ લાભનો યોગ બની રહ્યો છે. કૌટુંબિક કાર્યો માંગલિક કાર્યો, ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રાનો યોગ. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિતનનો યોગ.

સિંહ : શુભ ફળ પ્રાપ્ત થશે. વિરોધભાસ અને વિવાદને કારણે પરિણામ નહીં મળે. ભાગ્યવર્ધક કાર્યોમાં અડચણ સંભવિત છે. બહારનાં ક્ષેત્રોની યાત્રા દરમ્યાન સાવધાની રાખવી, રોગ, ઋણ સંબંધી કાર્યોમાં સંયમ રાખવું.

કન્યા : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. સામાજિક કાર્યમાં સક્રિય ભાગીદારી રહેશે. ધર્મ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં ગહન ચિંતનનો યોગ બનેછે. વિવાદિક વ્યાપારિક કાર્યોમાં આર્થિક લાભનાં નવા સ્ત્રોત તરફ વિચાર-વિમર્શ થવાની શકયતાઓ છે.

તુલા : ન્યાપારીક- વ્યપારક્ષેત્રે ભાગીદારીથી લાભ પ્રાપ્તિ થવાની સંભાવના વધતી જણાય. વ્યાપારમાં નાણાંકીય મુશ્કેલીઓ ન ઉભી થાય તેની સાવચેતી રાખવી.

વૃશ્ચિક : ધૈર્યથી વ્યાપાર- વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો. ધાર્મિક યાત્રાનો થવાની સંભાવના છે. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાની શકયતાઓ રહેલી છે.

ધન : નાણાંકીય કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થઈ શકશે. શિક્ષણ સંબંધી કાર્યોમાં ગહન શોધના કાર્યો થશે.

મકર : કુટુંબમાં શુભ માંગલિક કાર્યો માટે ચર્ચા-વિચારણા થશે. આર્થિક સ્થિતિમાં લાભનો થઈ શકશે. શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. મોસમ અનુસાર આહાર-વિહાર કરવું.

કુંભ : પ્રિય વ્યક્તિથી મુલાકાત થશે. કાર્યોમાં પ્રગતિ થશે. સ્ફૂર્તિ અને જોશ રહેશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસ થઈ શકે છે. આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રા થવાની શકયતા છે.

મીન : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ બનશે. પ્રેમ સબંધોમાં સફળતા પ્રાપ્ત થશે. ભવન, વાહન પરિવર્તન સંબંધી ભાગ્યવર્ધક કાર્યોમાં યાત્રા-પ્રવાસનો યોગ પ્રબળ બની રહ્યો છે. શિક્ષા, મિત્રવર્ગ સંબંધી શોધકાર્યમાં સમય પસાર થશે.

ચિરવિદાય

- સ્વ. કોદરીબેન વાલજીભાઈ પરમાર (ઉ.વ. ૭૫)મુ.પો. નવા પાલજ, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ.હંસાબેન જશંવતભાઈ ગોહિલ (ઉ.વ. ૩૭)મુ.પો. ઈન્દ્રોડા, તા.,જિ. ગાંધીનગર.
- સ્વ. પાલીબેન બચુજી ઠાકોર (ઉ.વ. ૭૫)મુ.પો. શિહોલી મોટી, તા.,જિ. ગાંધીનગર.